**ખાસ અંગભૂત યોજના (SCP)**
જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JNNURM- IHSDP) પ્રોજેક્ટ હેઠળ સંકલિત આવાસન અને ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ IHSDP (SCP) (કેન્દ્ર પુરસ્કૃત યોજના) (ગરીબ સમૃદ્ધિ યોજના) માટેની ગ્રાન્ટ ગુજરાત શહેરી વિકાસ મીશન(GUDM) ને હવાલે મૂકવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇએચએસડીપી/૨૦૦૭/SCP-૩૨૮૨/ધ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ /૪/૨૦૦૮. 30 APR 2008

**<u>વંચાણે લીધેલઃ-</u>**

(૧) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૦/૧/૨૦૦૬ ના ઠરાવ નંબરઃઅર્બન/૨૦૦૫/૪૮૮/અર્બન મીશન.
(૨) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના તા.૨૦/૧/૨૦૦૬ ના ઠરાવ નંબરઃઅર્બન/૨૦૦૫/૪૮૯/અર્બન મીશન.
(3) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના પરિપત્ર ક્રમાંક અપબ/૧૧૦૮/૯૦૩/બ. તા.૨૧/૪/૦૮

**<u>ઠ રા વઃ-</u>**

જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના (JNNURM) કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરેલ છે. જેનું અમલીકરણ કરવા રાજ્ય સ્તરે ગુજરાત શહેરી વિકાસ મીશન (GUDM) ની રચના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ અને ૨ ના ઠરાવથી કરવામાં આવેલ છે. તથા તેનું અમલીકરણ કરવા માટે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગર્વનીંગ બોડી, સ્ટેટ લેવલ સ્ટેયરીંગ કમિટી તથા એકઝયુકેટીવ કમિટીની રચના પણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ અભિયાન હેઠળ સંકલિત આવાસ અને ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ(IHSDP) પ્રોજેકટો મંજૂર કરી મોકલે છે. જેની સહાય માટે વિભાગની બજેટ-શાખાનાં સંદર્ભ-૩ થી રૂ.૨,૦૦,૦૦,૦૦૦/-(રૂપિયા બે કરોડ પુરા) ની ફાળવણી શાખાને કરેલ છે. જે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન(GUDM) ને હવાલે આથી મૂકવામાં આવે છે. સદરહું નાણા જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના(IHSDP) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી ખરેખર ગ્રાન્ટ મળે ત્યાર બાદજ આ ગ્રાન્ટ વાપરવાની રહેશે.

સંકલિત આવાસ અને ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ (IHSDP) હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન SCP સદરે રૂ.૨૨.૧૮૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે આ વિભાગની ફાઇલ ક્રમાંક બજટ/૧૦૨૦૦૭/૩૭૫૦/ધ ઉપર નાણા વિભાગની તા.૧૬/૩/૦૮ ની નોંધથી વહીવટી મંજૂરી મળેલ છે. તે પૈકી રૂ.૨,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા બે કરોડ પૂરા ) ની ગ્રાન્ટ GUDM ને હવાલે રહેશે.

ઉપરોકત રકમો કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે વાપરવાની રહેશે અને કેન્દ્ર સરકારને વખતોવખત વપરાશી પ્રમાણપત્રો તેમજ નાણાકીય અને ભૌતિક ત્રિમાસિક પ્રગતિ અહેવાલ વખતો વખત કેન્દ્ર સરકારને તેમજ રાજય સરકારને મોકલવાના રહેશે.

આ અંગેનું બિલ આ વિભાગના કેસ સેકશન દ્વારા બોમ્બે ટ્રેઝરી રૂલ્સ પ્રમાણે બિલ બનાવી તેમાં આ ઠરાવના નંબર અને તારીખ ટાંકી નાયબ સચિવશ્રી(પ્રો.) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પ્રતિ હસ્તાક્ષર મેળવી તિજોરીમાંથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન

ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરના નામનો ચેક મેળવી, મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે.

સદરહુ રકમ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ જી.એસ.એફ.એસ.માં રાખીને અને નાણાં વિભાગની સૂચનાઓ મુજબ સંબંધિત મહાનગરપાલિકાઓને બેન્ક એકાઉન્ટ નંબરની વિગતો સાથે એકાઉન્ટ પેઇ ચેકથી ચૂકવણું કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ૨૦૦૮-૦૯ ના વર્ષની મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૯૫
મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ-૮૦ સામાન્ય
૧૯૧-સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ સત્તાતંત્રો તથા નગર સુધારણા બોર્ડને સહાય.
(૦૨)-યુડીપી-(૧૯) સંકલિત આવાસન અને ગંદા વસવાટ વિસ્તાર કાર્યક્રમ ગરીબ સંમૃધ્ધિ યોજના (આયોજન) કેન્દ્ર પુરસ્કૃત યોજના
ચાર્જેબલ હેડ:૨૨૧૭ ૦૧ ૧૯૧ ૧૨૨
કોમ્પ્યુટર કોડ નંબર: ૫૨૭૩૨૯

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.સી.વિનોદ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

૧. માન.મંત્રીશ્રી (શ.વિ) સચિવાલય, ગાંધીનગર.
૨. ઉપ સચિવશ્રી,(રોકડ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ત્રણ નકલ)
3. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર.
૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, અમદાવાદ.
૫. ઓડીટર જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૬. નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૭. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત અને રાજકોટ મહાનગરપાલિકા.
૯. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ ઓડીટ, અમદાવાદ.
૧૦. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૧. ઉપ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ છ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
૧૨. બજેટ-શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.